સ્વર્ણિમ ગુજરાત
1960-2010

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૧ અંક : ૨ ઑગસ્ટ ૨૦૧૦ - શ્રાવણ ૨૦૬૬ સળંગ અંક : ૨૨૨

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## સંપાદકીય

### સત્ય જ કરીએ... કશાયથી ના ડરીએ...

ઑગસ્ટ એટલે પૂજ્ય. ઑગસ્ટ એટલે પ્રભાવી. ગ્રેગોરિયન કેલેન્ડરનો જુલાઈ પછી અને સપ્ટેમ્બર પહેલા આવતો મહિનો પણ ઑગસ્ટ કહેવાય છે. વિશ્વની કેટલીક પૂજ્ય અને પ્રભાવી ઘટનાઓ આ મહિનાના દિવસોમાં ઘટી છે. એમાંય પંદરમી ઓગસ્ટ તો આપણા માટે શિરમોર સમી. આ દિવસે આપણને રાજકીય સ્વાતંત્ર્ય મળ્યું. નેપોલિયન બોનાપાર્ટનો એ જન્મ દિવસ. શ્રી અરવિન્દનો જન્મદિવસ પણ ૧૫ ઓગસ્ટ ૧૮૭૨. ૧૯૪૨માં ૧૫મી ઑગસ્ટે જ યરવડા જેલમાં ગાંધીજીના હૃદયંદ્વિતીયમ્ મહાદેવભાઈ દેસાઈ પોતાનો સ્થૂળ દેહ છોડીને અનંતની યાત્રાએ ઉપડી ગયેલા. ૧૯૪૫માં ૧૫મી ઓગસ્ટે બીજા વિશ્વયુદ્ધમાં નિર્ણાયક વળાંક આવેલો ને વિશ્વ શાંતિની શક્યતા વધી ગયેલી.

આજથી ૬૩ વર્ષ પૂર્વે ભારતે રાજકીય સ્વાતંત્ર્ય મેળવ્યું. એ સ્વાતંત્ર્યકેવું હતું ? ખંડિત. લોહીયાળ. એક સમયનું અખંડ ભારત ખંડિત-વિખંડિત થઈ ગયું ! ભારે રક્તપાતથી એ સ્વતંત્રતાની કિંમત દેશે ચૂકવવી પડી.

જેમણે રામરાજ્ય, સુરાજ્યનું સ્વપ્નું સેવ્યું હતું, સત્યાગ્રહથી જેણે આખાયે વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું એ ગાંધીજી ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ક્યાં હતા ? બંગાળની રક્તરંજિત કમનસીબ ભૂમિમાં કોમી હિંસાનો દાવાનળ ઠારી રહ્યા હતા. ૧૫મી ઑગસ્ટ '૪૭ના રોજ એમણે ઉપવાસ કરેલો. આપણે તો સારો પ્રસંગ હોય તો પેંડા વહેંચીએ છીએ ! એક સમયના એમના ભક્તો, ચુનંદા સાથીઓએ એમને દિલ્હી આણવા, સ્વાતંત્ર્યની ઉજવણીમાં સમ્મિલિત કરવા, કહો કે લાઈમ લાઈટમાં આણવા, એનો પણ એડવાન્ટેજ લેવા ભારે ધમપછાડા કરેલા. સુધીર ઘોષ કરીને એક ખાસ પ્રતિનિધિને દિલ્હીથી કલકત્તા દોડાવેલા. પણ ગાંધી એક ના બે ના થયા. એમણે સુધીરને કહેલું : 'મારી હાલત ખરેલા પાન જેવી છે ! ઉજવણી કરવા હું શા માટે આવુ ?' દેશના દિલ પર કારી ઘા પડેલા ! એક સમયે આ સેતુ હિમાલય આખો દેશ પ્રબુદ્ધ થઈ ગયેલો. સૌને હૈયે ને હોઠે એક જ વાત હતી.

જંપવું નથી લગીર, જો નહીં સ્વતંત્રતા,
સ્નેહ સૌખ્ય સૌ હરામ-ના મળે સ્વતંત્રતા,
જીવવું મર્યા સમાન- ના યદી સ્વતંત્રતા.

ને સ્વતંત્રતા મળી તો પણ કેવી મળી ? છેલ્લા થોડા વરસોથી તો આપણે આતંકવાદી હુમલાઓની દહેશત વચ્ચે અદ્ધર જીવે આ ઉજવણી કરીએ છીએ. અમેરિકાની મરજી વિરુદ્ધ હજુ આપણે ખાસ કશું નથી કરી શકતા. ગુલામીની, રુગ્ણતાની માનસિકતામાંથી હજુ બહાર જ નથી નીકળ્યા. આપણા દેશમાં પણ શત્રુઓ ઓછા નથી. આપણે વિષાદ યોગ હજુ લંબાયા જ કર્યો છે.

આ સમયે યાદ આવે છે ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ શ્રી અરવિન્દે ઑલ ઈન્ડિયા રેડિયોની વિનંતીને માન્ય રાખીને 'સ્વતંત્ર' ભારતને આપેલો સંદેશ. એમાં એમણે કહેલું : 'ભારતને માટે આ દિવસે એક જૂનો યુગ પૂરો થાયછે, એક નવો યુગ બેસે છે.' આની સાથે સાથે એમણે એમ પણ કહેલું: 'હિન્દુઓ અને મુસલમાનો વચ્ચેના જૂના કોમી ભેદે આજે દેશના કાયમી રાજકીય ભાગલાનું રૂપ લઈ લીધેલું દેખાય છે. જો આ ભાગલા ચાલુ રહેશે તો શક્ય છે કે ભારત ગંભીરપણે નિર્બળ બની જાય, સાવ અપંગ બની જાય. આ ભાગલા રહેશે ત્યાં સુધી આંતરવિગ્રહનો હંમેશા સંભવ રહેવાનો...' આજે આપણે ૬૩ વર્ષે શ્રી અરવિન્દની આર્ષવાણી કેટલી સાચી હતી એની પ્રતીતિ કરી રહ્યા છીએ. શ્રી અરવિન્દ આટલેથી અટક્યા નહોતા. એમણે આગળ કહેલું: 'ગમે તે સાધન દ્વારા, ગમે તે પ્રકારે, આ ભાગલા જવા જ જોઈએ. એકતા સ્થપાવી જ જોઈએ, અને સ્થપાશે જ. આ એક અનિવાર્ય આવશ્યકતા છે. એ વિના ભવિષ્યમાં ભારત મહાન નહિ બની શકે.' આ પણ કેટલું સાચું છે !

આ માટે આપણે હજુ ઘણી ઘણી આઝાદીઓ મેળવવાની બાકી છે. આર્થિક રીતે હજુ આપણે પરતંત્ર છીએ. અજ્ઞાનમાંથી હજુ આપણે મુક્ત થવાનું બાકી છે. ષડ્રિપુઓના હજુ આપણે ગુલામ છીએ. ખરી આઝાદી તો આપણે આપણી મનુષ્યચેતનાથી મેળવવાની છે. એક વધુ ઉચ્ચ અને વિશાળ ચેતનામાં આપણે ઉદ્ઘાટિત થવાનું છે.

૧૯૪૭માં ૧૫મી ઑગસ્ટે આપણી આ સ્થિતિ નહોતી. ગાંધી એટલે નિરાશ થયેલા. ૧૯૩૦માં દાંડીકૂચ કરતી વખતે એમણે પ્રતિજ્ઞા લીધી હતી: 'આવવું ન આશ્રમે, મળે નહીં સ્વતંત્રતા.' ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ પછી તેઓ એકાધિકવાર અમદાવાદ આવેલા. પણ સાબરમતી આશ્રમે નહોતા ગયા ! આઝાદી નહોતી મળી ને ! એટલે. આઝાદીની ચળવળમાં જે કાંઈ ચાલી રહ્યું હતું તેનાથી નારાજ થઈને કવિવર રવીન્દ્રનાથ ઠાકુર પણ એમાંથી બહાર નીકળી ગયેલા. ને એક સમયે ભારતની રાજકીય ક્ષિતિજ પર ધૂમકેતુની જેમ પ્રકાશનાર શ્રી અરવિન્દે છેક ૧૯૧૦થી ક્ષેત્ર સન્યાસ લઈ લીધેલો. ને રાજકીય સ્વાતંત્ર્ય પછીના એક મહત્તર સ્વાતંત્ર્ય મેળવવા માટે. સમગ્ર માનવજાતના સ્વાતંત્ર્ય માટે યોગારૂઢ થયા હતા.

આ બધાને પરિણામે આજે આપણે એક સંક્રાન્તિ કાળમાં શ્વસી રહ્યા છીએ. કહો કે સૂક્ષ્મમાં રીતસરનો દેવાસુર સંગ્રામ જ ચાલી રહ્યો છે. આજે અસુર પણ મરણીયો બન્યો છે. એ પણ 'સત્ય' ને 'શાસ્ત્ર' ટાંકવા લાગ્યો છે. આવા સંજોગોમાં આપણે સૌ ભારત માતાના સંતાનો કેવળ સત્યના જ પક્ષમાં રહીએ... સત્ય જ કરીએ... આ માટે કશાયથી ના ડરીએ...

વન્દે માતરમ્

- પરમ પાઠક

## Teaching - Learning

**શ્રી જિજ્ઞેશ બારોટ** અને **ડૉ. દેવરાજ ગાંવિત,** વ્યાખ્યાતા અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીએ ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ (National Cooperative Union of India-NCUI) દ્વારા તાજેતરમાં આયોજિત લેક્ચરર્સ/રીડર્સ માટેના ચાર દિવસના સહકારી પ્રવૃત્તિ અંગેના રીફ્રેશર કોર્ષમાં ભારતીય સહકારી શિક્ષણ કેન્દ્ર (National Centre For Cooperative Education-NCCE), નવી દિલ્હી ખાતે જોડાયા હતા.

## Research

બી.આર.ડી. સ્કુલ ઓફ બાયોસાયન્સીસના એસોસીએટ પ્રોફેસર **ડૉ. આર. બી. સુબ્રમણયમ**નો મેજર રીસર્ચ પ્રોજેક્ટ યુ.જી.સી. નવી દિલ્હીએ મંજૂર કર્યો છે. આ પ્રોજેક્ટનો વિષય છે: 'Screening and Identification of a SSR marker linked to resistance against fusurium wit in tomato' આ માટે પ્રો. સુબ્રમણયમને ૮,૬૩,૩૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયું છે. આ પ્રોજેક્ટનો સમયગાળો છે ૧ ફેબ્રુઆરી ૨૦૧૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૩. અભિનંદન !!

## GOVERNANCE

### સી.એ.એસ. અંતર્ગત પ્રમોશન

૧. **ડૉ. સુરેશ એમ. મકવાણા**, અનુસ્નાતક માનસશાસ્ત્ર વિભાગ, એસોસીએટ પ્રોફેસર, ૧ એપ્રિલ ૨૦૦૯ થી

૨. **ડૉ. (શ્રીમતી) સુજાતા ભટ્ટ**, અનુ. બાયોસાયન્સીસ વિભાગ, એસોસીએટ પ્રોફેસર, ૧ જૂન ૨૦૦૫ થી

૩. **ડૉ.(કુ) પિનાકિની પંડ્યા**, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, પ્રોફેસર, ૭ સપ્ટેમ્બર ૨૦૦૬ થી

૪. **ડૉ. પરમ પાઠક**, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, પ્રોફેસર, ૧ એપ્રિલ ૨૦૦૮ થી

૫. **ડૉ. આર.બી. સુબ્રમણયમ**, અનુ. બાયોસાયન્સીસ વિભાગ, પ્રોફેસર, ૧૫ જુલાઈ ૨૦૦૯ થી

૬. **ડૉ. મિલિન્દ પી. દેશપાન્ડે**, અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ, પ્રોફેસર, ૩૦ ડિસેમ્બર ૨૦૦૮થી

૭. **ડૉ. ચંદ્રકાન્ત કે સોનારા**, અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ, પ્રોફેસર, ૫ માર્ચ ૨૦૦૯થી

૮. **ડૉ. સમીર જે. પટેલ**, અનુસ્નાતક માનસશાસ્ત્ર વિભાગ, પ્રોફેસર, ૧ ઓક્ટોબર ૨૦૦૮ થી

સૌને અભિનંદન !!!

યુ.જી.સી., નવી દિલ્હીએ **અગિયારમી પંચવર્ષીય યોજના અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટીને રૂપિયા ૧૨૩૮.૭૫ લાખનું અનુદાન** ૧ એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ માર્ચ ૨૦૧૨ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે મંજૂર કર્યું છે. અભિનંદન !!

## નવી નિમણૂંક

**ડૉ. બાબાસાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ચેર પર્સન** તરીકે અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના **એસોસીયેટ પ્રોફેસર ડૉ. આર.એચ. મકવાણા**ની નિમણૂંક ૨૧ જુલાઈ ૨૦૧૦ થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. તેઓ પ્રો. ડૉ. એચ.એન. પટેલ અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગના અનુગામી થયા છે.

**કોર્પોરેશન બેંક ચેર ઈન મેનેજમેન્ટ (એમ.બી.એ. ચેર)ના ચેર પર્સન** તરીકે અનુસ્નાતક એમ.બી.એ. વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના **ડૉ. પી. કે. પ્રિયન**ની નિમણૂંક ૨૧ જુલાઈ ૨૦૧૦ થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. તેઓ અનુસ્નાતક એમ.બી.એ. વિભાગના પ્રો. જે. એસ. પનવારના અનુગામી થયા છે.

**મેનેજમેન્ટ વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે અનુસ્નાતક એમ.બી.એ. વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રોફેસર અને વડા **ડૉ. એચ. જે. જાની**ની નિમણૂંક ૬ ઓગસ્ટ ૨૦૧૦ થી ૨ નવેમ્બર ૨૦૧૨ સુધી કરવામાં આવી છે.

**મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે **ડૉ. નિખિલ ઝવેરી**, આચાર્યશ્રી, સેમકોમ કોલેજની નિમણૂંક ૧ ઓગસ્ટ ૨૦૧૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી કરવામાં આવી છે.

**બિઝનેસ સ્ટડીઝ (કોમર્સ) વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે **ડૉ. જી. વી. મહેતા**, આચાર્ય શ્રી, સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજની નિમણૂક ૬ ઓગસ્ટ ૨૦૧૦ થી ૫ ઓગસ્ટ ૨૦૧૩ સુધી કરવામાં આવી છે.

**મટીરિયલ્સ સાયન્સની અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગના **એસોસિયેટ પ્રોફેસર ડૉ. એન.એમ. બત્રા**ની નિમણૂંક ૭ ઓગસ્ટ ૨૦૧૦ થી ૬ ઓગસ્ટ ૨૦૧૩ સુધી કરવામાં આવી છે.

**કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે **શ્રી અપૂર્વ પાઠક**, કા. આચાર્ય, આણંદ લો કોલેજ, આણંદની નિમણૂંક ૬ ઓગસ્ટ ૨૦૧૦ થી ૫ ઓગસ્ટ ૨૦૧૩ સુધી કરવામાં આવી છે.

**અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના વડા** તરીકે **પ્રો. એચ. એસ. પટેલ**ની નિમણૂંક ૧૯ જુલાઈ ૨૦૧૦ થી ૧૮ જુલાઈ ૨૦૧૫ સુધી કરવામાં આવી છે.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના **રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા** તા. ૮-૮-૨૦૧૦ના રોજ **વન-ડે કેમ્પ** યોજવામાં આવ્યો. જેમાં આણંદ હોમિયોપેથીક હોસ્પિટલના પટાંગણમાં સાફ-સફાઈ, માટીપૂરણ તથા વૃક્ષારોપણ માટે ખાડા ખોદવાનું કાર્ય શિબિરાર્થીઓએ કર્યું. ત્યારબાદ આણંદ કોમર્સ કોલેજનાં કેમ્પસ અને વર્ગખંડોની સાફ-સફાઈ કરવામાં આવી.

▶ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં તા. ૩ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ **દેશભક્તિ ગીત સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કુલ ૧૫૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો, તેમાંથી ૮૩ વિદ્યાર્થીઓની આખરી પસંદગી કરાઈ હતી; જેમાં ૭ સમૂહગાન અને ૬ વિદ્યાર્થીઓ એકલગીત માટે પસંદગી પામ્યા હતા.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા સંગીતકાર શ્રી બ્રિજ જોષી, શ્રીમતી ઊર્મિ ત્રિવેદી તથા શ્રી ઓમકાર દવે હાજર રહ્યા હતા.

આ સ્પર્ધાના પરિણામ નીચે મુજબ છે.

એકલગીત : પ્રથમ ક્રમે હર્ષ યાજ્ઞિક, દ્વિતીય ક્રમે સ્વર પંડ્યા અને ત્રીજા ક્રમે પાર્થ ભટ્ટ રહ્યા હતા, જ્યારે પ્રિન્સીપાલનું ખાસ ઈનામ પારુલ પટેલને એનાયત કરાયું હતું.

સમૂહગાન : પ્રથમ ક્રમે શીના રાજુ એન્ડ ગ્રુપ, દ્વિતીય ક્રમે પાર્થ ભટ્ટ એન્ડ ગ્રુપ અને ત્રીજા સ્થાને પ્રિયદર્શની એન્ડ ગ્રુપ જ્યારે પ્રિન્સીપાલનું ખાસ ઈનામ સલોની દીક્ષિત એન્ડ ગ્રુપને એનાયત કરવામાં આવ્યું હતું.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના એન.એસ.એસ. વિભાગ દ્વારા **શહિદ દિન નિમિત્તે** તા. ૯-૮-૨૦૧૦ના રોજ **દેશભક્તિગીત સ્પર્ધા** યોજવામાં આવી. આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને પ્રિન્સીપાલ શ્રી બી.સી. ગાંધી તથા અતિથિ વિશેષ સ્થાને પ્રિ. ધીરુભાઈ દેસાઈ (ડીરેકટર, બી.એન.પટેલ પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ, ભાલેજ રોડ, આણંદ) ઉપસ્થિત રહ્યા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને મહેશ પ્રજાપતિ, દ્વિતીય સ્થાને બિપિન વી. પરમાર તથા તૃતીય સ્થાને ડીમ્પી સિંધી વિજેતા જાહેર થયા તેમજ સુમિત્રા ભૂરાને આશ્વાસન ઈનામ માટે ઘોષિત કરાયા. નિર્ણાયક તરીકે કોલેજના પ્રો. પી. પી. પટેલ, ડો. કેતકી શેઠ અને પ્રા. પરમારે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના ઈન્ચાર્જ પ્રો.ટી.એન.ચૌધરી અને ડો. કે.વી. સોલંકીએ કર્યું હતું.

▶ ચારુતર વિદ્યામંડળ સંચાલીત **સેમકોમ કોલેજ**માં ૨૬ જુલાઈના રોજ **કારગીલ દિવસની શ્રદ્ધાંજલીના ભાગરૂપે રકતદાન શિબિર**નું આયોજન કરવામાં આવ્યું હતુ. એમાં ૧૫૮ બોટલ રક્ત એકત્ર કરાયું હતું.

▶ ચારુતર વિદ્યામંડળ સંચાલીત **સેમકોમ કોલેજ** ખાતે **મેનેજમેન્ટ સ્કીટ અંગે એક દીવસીય શિબિર**નું આયોજન થયું હતું. કાર્યશિબિરના સંચાલક તરીકે સેમકોમ કોલેજના પ્રા. દિપન ભટ્ટે સેવા આપી હતી. બીકોમ, બીબીએ, બીસીએ અને બીબીએ આઈટી મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો.

▶ **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં ગત તારીખ ૨૬-૭-૨૦૧૦ને સોમવારે **ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી** કરવામાં આવી હતી.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલતિ **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૫-૭-૧૦ના રવિવારે આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. મીનાક્ષીબેન એચ. શેલતના મુખ્ય મહેમાન પદે **ગુરુ પૂર્ણિમા ઉજવણી** કરવામાં આવી હતી.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલતિ **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૪-૭-૧૦ના શનિવારે સંસ્થાના સંવાહક ડૉ. વી.ટી. ભમ્વરીના અધ્યક્ષ પદે **ટેલેન્ટ સર્ચ કાર્યક્રમ** રાખવામાં આવ્યો હતો.

▶ ચારુતર વિદ્યામંડળ સંચાલીત **સેમકોમ કોલેજ** ખાતે તાજેતરમાં **પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે એકદિવસીય કાર્યશાળા**નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યશિબિરના મુખ્ય વક્તા તરીકે આણંદના જાણીતા કાર્ડીયોલોજીસ્ટ ડૉ. હેમંત અંતાણીએ હાજરી આપી હતી.

▶ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ**, બોરીઆવીમાં ગુજરાતી વિભાગના ઉપક્રમે ૨૧મી જૂલાઈ ૨૦૧૦ના રોજ **'ઉમાશંકર જોશી જન્મ શતાબ્દિ વર્ષ' ની ઉજવણી**ના ભાગરૂપે એક કાર્યક્રમ સંસ્થાના આચાર્યાશ્રી ડૉ. અનિલાબેન મિશ્રાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોશીની રચના 'ભોમિયા વિના' સમૂહમાં ગાઈને રજૂ કરી હતી. વિભાગના અધ્યક્ષ ડૉ. પારૂલ પ્રધાને ઉમાશંકર જોશી વિશે પોતાના અંગત અનુભવોની વાત કરી હતી. ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ ઉમાશંકરની સાહિત્ય સર્જનયાત્રાની ચર્ચામાં - ઉમાશંકરના જીવન વિશે કા. પટેલ પૂર્વેશ, કવિ ઉમાશંકર વિશે દલવાડી કૃપેશ, 'નિશીથ'ના કવિ ઉમાશંકર વિશે પટેલ ભૂમિકા, નિબંધકાર ઉમાશંકર વિશે કુમાકિયા પ્રિતેશ, એકાંકીકાર તરીકે ઉમાશંકર વિશે પરમાર પારૂલ, વાર્તાકાર ઉમાશંકર વિશે ગઢવી ધર્મેન્દ્રએ અને દવે શ્રેયા, પટેલ પાર્થ તથા ક્રિશ્ચીયન પ્રીતીએ કાવ્ય પઠન કર્યું હતું. વિભાગના પ્રા. વૈશાલી ક્રિશ્ચીયને પણ કાવ્યપઠન કર્યું હતું. ડૉ. અનિલા મિશ્રાએ પણ ઉમાશંકરની કાવ્યરચનાનું પઠન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના પ્રા. નરેન્દ્ર પટેલે કર્યું હતું.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલતિ **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૩૧-૭-૨૦૧૦ના શનિવારે આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદમાં પ્રેમચંદ જયંતી ઉજવણી કરવામાં આવી. સંસ્થાના સંવાહક ડૉ. વી.ટી. ભમ્વરીએ પ્રેમચંદજીના જીવન તથા કવન વિશે એક અભ્યાસપૂર્ણ અને રસપ્રદ વકતવ્ય રજૂ કર્યું હતું. તેમજ 'પંચપરમેશ્વર' વાર્તાનું પઠન કર્યું હતું. આ પ્રસંગે ગ્રંથપાલ ડૉ. વૈશાલીબેન ભાવસારે પુસ્તક પ્રદર્શનનું આયોજન કર્યું હતું. જેમાં સૌ તાલીમાર્થી બેનોએ ભાગ લીધો હતો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં સી.સી. પટેલ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર**ના સંયુક્ત ઉપક્રમે ૧૨ થી ૩૧ જુલાઈ ૨૦૧૦ દરમિયાન **વર્લ્ડ પોપ્યુલેશન ડેની ઉજવણી** થઈ હતી. આ ઉજવણીમાં પોસ્ટર, વક્તૃત્વ, નિબંધ ઈત્યાદિ વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓનું પરિણામ અત્રે પ્રસ્તુત છેઃ

**પોસ્ટર સ્પર્ધા :** પ્રથમ વિજેતા - ચાર્મી પટેલ (સેમકોમ), દ્વિતીય વિજેતા- અંકિત સુથાર (આણંદ ઈન્સ્ટી. ઓફ બિઝ. સ્ટડીઝ), તૃતીય વિજેતા- પિંકેશ સાવનિયા (ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુ.).

**વક્તૃત્વ સ્પર્ધા :** પ્રથમ - શૈલી શેઠ (સેમકોમ), દ્વિતીય - અમર વેંઝ્યા અને હીના દવે (આણંદ આર્ટ્સ કોલેજ), તૃતીય વિજેતા ધરવ બારોટ, જીગર અંતાણી (નલિની અરવિંદ કોલેજ).

**નિબંધ સ્પર્ધા :** પ્રથમ - દીક્ષિતા પટેલ (એનવીપાસ), દ્વિતીય - નિયતી જાની (એન.એચ. એજ્યુ.), તૃતીય-જયેન્દ્ર ભોઈ (નલિની), અંકિતા શિંદે (પી.એમ. પટેલ સાયન્સ કોલેજ) અને શર્મિષ્ઠા ડાભી (આણંદ એજ્યુકેશન).

આ ઉજવણીમાં પ્રા. અજિતભાઈ પટેલ, ડૉ. પિનાકિન યાજ્ઞિક અને ડૉ. જે. જે. રાણા એ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. આ ઉજવણીના સમાપન કાર્યક્રમમાં એમ.બી. પટેલ એજ્યુકેશન કોલેજના આચાર્યશ્રી, ડૉ. નાથુભાઈ પટેલ તેમજ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર, ડૉ. કમલનયન જોશીપુરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્ય ડૉ. ડી.યુ. પટેલે સૌને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. સુભાષ મકવાણા અને એમના સાથીઓએ કર્યું હતું.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ**માં **ગૌરીવ્રત નિમિત્તે** ૨૧ થી ૨૪ જુલાઈ દરમિયાન મહેંદી, વેશ પરિધાન, આરતી સજાવટ, ચર્ચા સ્પર્ધા ઈત્યાદિનું આયોજન થયું હતું.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીના **રસાયણશાસ્ત્ર વિભાગ**માં તા. ૯મી જુલાઈ, ૨૦૧૦ના રોજ **કેમીકલ સોસાયટીનો ઉદ્ઘાટન સમારંભ** યોજાયો હતો. આપણી યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ આ સમારંભના પ્રમુખસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. વિભાગીય અધ્યક્ષ ડૉ. હસમુખભાઇ પટેલે સર્વેને આવકાર અને સભા-પ્રમુખનો પરિચય આપ્યો હતો. કેમીકલ સોસાયટીના સંવાહક ડૉ. કીરીટભાઇ પટેલે સોસાયટીની પ્રવૃત્તિઓ વિષે જણાવ્યું હતું. સભા પ્રમુખના સ્થાનેથી કુલપતિશ્રી ડૉ. હરીશભાઇ પાઢે કહ્યું હતું કે પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓથી સામાન્ય જીવનનિર્વાહ સરળતાથી થઇ જશે, પરંતુ પ્રગતિ અને સમૃદ્ધિના શિખરો સર કરવા માટે વિવિધ વિષયોમાં પારંગતતા કેળવવી હવે જરૂરી બની રહી છે. દરેક વિદ્યાર્થીઓએ પોતાના વિષયમાં થતી આધુનિક શોધખોળ અને માહિતી સતત મેળવતા રહેવું જોઇએ. વિષયના સતત સંપર્કમાં રહી, બુદ્ધિને કુશાગ્ર બનાવી જ્ઞાનોપાર્જનમાં વ્યસ્ત રહેવા તેમણે સૌને શીખ આપી હતી. રસાયણશાસ્ત્રને તેમણે પાયાનું વિજ્ઞાન ગણાવી, સમગ્ર વિજ્ઞાનના અભ્યાસમાં તેનું મહત્વ સમજાવ્યું હતું. હૃદયની રક્તવાહિનીઓમાં સ્ટેન્ટ બેસાડવા માટે થતી શસ્ત્રક્રિયા કેવળ દાક્તરી વિજ્ઞાનને જ આભારી નથી, પરંતુ મટિરીયલ સાયન્સ, ભૌતિકશાસ્ત્ર, માઇક્રોબાયોલોજી, રસાયણશાસ્ત્ર જેવા વિવિધ વિષયોના નિષ્ણાતોની વર્ષોની મહેનતના પરિપાકરૂપે નીપજેલી હોવાનું તેમણે સમજાવ્યું હતું. કેમીકલ સોસાયટીની પ્રવૃત્તિઓને તેમણે બિરદાવી હતી અને સોસાયટી અંતર્ગત નવા વર્ષથી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવાનું હેતુપૂર્ણ સૂચન કર્યું હતું. દરેક ભારતીય નાગરિક અંગત રીતે ખૂબ જ કુશળ હોવા છતાં, એક જૂથ તરીકે વર્તવામાં ભારતીયો નિષ્ફળ રહેતા હોવાની એક વ્યાપક છાપ મીટાવવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના સમાપનમાં વિદ્યાર્થી પ્રતિનિધિ શ્રી પિયુષ કાલરિયાએ આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના પ્રાધ્યાપક ડૉ. દીપકભાઇ રાવલે કર્યું હતું.

➢ અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગના બાયોલોજીકલ આસીસ્ટન્ટ **શ્રી રશેષ કે. પરીખે** ડૉ બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીની **CCC-Plusની પરીક્ષા જૂન ૨૦૧૦માં ૯૨% માર્કસ સાથે ઉત્તીર્ણ** કરી છે. તેઓને આણંદ જિલ્લામાં પ્રથમ તથા ગુજરાતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. - અભિનંદન.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી **આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પ્રવાસ**નું આયોજન થતું આવેલ છે. ચાલુ વર્ષે કોલેજમાં અભ્યાસ કરતા ૬૭ વિદ્યાર્થીઓ અને ૫ અધ્યાપકો તા. ૭ ઓગષ્ટ ૨૦૧૦ના રોજ સિંગાપુર તથા મલેશિયા જવા રવાના થયા છે. એક અઠવાડિયાના પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓ સિંગાપુરની પાર્લામેન્ટ અને સિંગાપુર પબ્લીક યુટીલીટી બોર્ડની પણ મુલાકાત લેશે.

➢ શ્રી આર. એસ. ત્રિવેદી એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા પ્રેરિત અને **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન દ્વારા આયોજીત સ્વ. દોલતસિંહ એન. પરમાર વ્યાખ્યાનમાળાના ૧૧મા વ્યાખ્યાન**નું આયોજન તા. ૨૯-૭-૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન અંતર્ગત જી. એચ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરના આચાર્યશ્રી ડૉ. મનહરભાઇ ઠાકરે અતિથિવક્તા તરીકે ઉપસ્થિત રહી **''અધ્યાપનમાં ચિંતનાત્મક અભિગમ''** વિષય પર પ્રવચન આપ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં પ્રો. જે. કે. દવે, અનુસ્નાતક શિક્ષણ વિભાગના પૂર્વ વડા, અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. મનહરભાઇ ઠાકરે ''અધ્યાપનમાં ચિંતનાત્મક અભિગમ'' વિષે જણાવ્યું હતું કે અધ્યાપન કાર્ય દરમિયાન શિક્ષકે પોતાના અધ્યાપકીય વ્યવહારને પદ્ધતિસર ઓળખવાનો છે. તેમણે જણાવ્યું હતું કે અધ્યાપનનો ચિંતનાત્મક અભિગમ એ સ્વ-નિરીક્ષણ અને સ્વ-સુધારણાનો અભિગમ છે. દરેક શિક્ષકે જાગ્રતપણે આ અધ્યાપકીય વ્યવહારોનું ચિંતન કરવાનું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અધ્યયન-અધ્યાપન એ લાગણીઓની લીલાભૂમિ છે. પરંતુ ચિંતન બૌદ્ધિક સ્તરે કરવું જરૂરી છે. આ ઉપરાંત તેમણે સ્વ-નિરીક્ષણ માટે તાંત્રિક, અર્થઘટનાત્મક અને ચિંતનાત્મક સ્તરોની કાર્યવિધિ સૂચવી હતી.

**Post Graduate Department of Economics** organised the Annual "**H.M. Patel Memorial Elocution Competition**" on July 28, 2010. The topic for the debate was "**Implications of Caste Based Census Survey in India**" which is related to the broad areas of interest of Shri H.M. Patel, the late illustrious Chairman of Charutar Vidya Mandal.

Fifteen students from different affiliated colleges and Post Graduate Departments of Sardar Patel University participated in the event.

Dr. Hitesh Patel from the Department of Sociology, Dr. Pinakini Pandya from the Department of Gujarati and Shri D. P. Raykundaliya from the Department of Statistics were the judges for the event. **The First prize was secured by Manish Kumar Pandey** from P. G. Department of Mathematics, while the **Second prize was bagged by Ravi Makadia**, a student of the Pramukh Swami Medical College, Karamsad. The **Third prize was secured by Hiral Sanghavi**, from Natubhai V. Patel College of Pure and Applied Sciences, Vallabh Vidyanagar.

At the end, Dr Hitesh Patel summed up by presenting his views on the implications of caste based census survey and called for a casteless society, where economic status should be the only basis for planning and implementation of government programmes and policies. The winners were awarded prizes by the esteemed judges. Finally, Dr Sonal Bhatt, who was the co-ordinator and compere of the event, proposed a vote of thanks.

**એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**, વલ્લભ વિદ્યાનગર ખાતે ગત તા. ૨૬ જુલાઈ, ૨૦૧૦ સોમવારે **સી. સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્રના નેજા હેઠળ ક્રિએટીવીટી, નોલેજ, સાયન્સ અને ટેક્નોલોજી** વિષય પર કૉલેજની જ્ઞાનધારા અંતર્ગત અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. કે. એન. જોષીપુરાનું વક્તવ્ય તેમજ ભારતના મહાન ગણિતશાસ્ત્રીઓનો પોસ્ટર અર્પણ વિધિ યોજવામાં આવ્યો હતો. પ્રસ્તુત વિષય પર પ્રા. જોષીપુરાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વક્તવ્ય આપતા સર્જનશીલતા, જ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો પરિચય આપી તેમની વચ્ચેના આંતરસંબંધને સમજાવ્યો હતો.

ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ**માં તાજેતરમાં **'વાંચે ગુજરાત' અભિયાન વ્યાખ્યાનમાળાનો પ્રારંભ** સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતીના અનુસ્નાતક ભવનના પ્રો. ડૉ. મણિલાલ હ. પટેલના વ્યાખ્યાનથી કરવામાં આવ્યો હતો.

આ જ કોલેજમાં તા. ૧૦-૮-૧૦ને મંગળવારના રોજ **'રાષ્ટ્રીય જાગૃતિ સપ્તાહ'** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ**માં **એન. એસ. એસ.નો અભિમુખતા કાર્યક્રમ** મંડળના મંત્રીશ્રી રાજેશભાઇ પટેલની નિશ્રામાં તાજેતરમાં યોજાઇ ગયો. જેમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડૉ. વી. એમ. પટેલે મુખ્ય મહેમાન તરીકે હાજર રહી તેમણે વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા. તેમજ સહમંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પટેલે વિદ્યાર્થીઓને શ્રમનું મહત્વ સમજાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. રાજીવ એસ. પટેલે અને કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. જમદગ્નિ સી. ઠાકરે કરી હતી.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં તા. ૩-૮-૨૦૧૦ના રોજ બી.બી.એ. (ફોરેન ટ્રેડ)માં **અભિમુખતા કાર્યક્રમ** મંડળના માનદ્‌મંત્રી શ્રીમતી જયોત્સનાબેન પટેલની અધ્યક્ષતામાં યોજાઇ ગયો.

---

*અનુસંધાન પાન ૮ ઉપર થી*

હોમિયોપેથીના સિદ્ધાંત મુજબ ઔષધ આયોજનનો મૂળ હેતુ રોગ જનક જંતુઓનો નાશ કરવાનો નહિ પરંતુ ક્ષતિગ્રસ્ત રોગપ્રતિકારક શક્તિને સબળ બનાવવાનો છે, જેથી પુનઃ સ્થાપિત રોગપ્રતિકારક શક્તિ જ રોગજનક જંતુઓનો પ્રભાવ દૂર કરે છે. આ રીતે જીવનશક્તિ રોગપ્રતિકારક શક્તિ પુનઃસ્થાપિત કરીને જ રોગનું નિવારણ થઈ શકે તેમ હોમિયોપેથીમાં માનવામાં આવે છે.

હોમિયોપેથી જેવા મહાન, નિર્દોષ છતાં સસ્તા તેમ જ અસરકારક શાસ્ત્રના પ્રચાર અને પ્રસાર માટે આણંદ જિલ્લામાં ગુજરાત હોમિયોપેથીક સોસાયટી સંચાલિત શ્રી ડો. વી. એચ. દવે હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ જેવી આરોગ્યલક્ષી શૈક્ષણિક સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાઓ દ્વારા 'જનસેવા અને વિદ્યાદાન'ની જ્ઞાનગંગા વર્ષોથી વહી રહી છે.

આણંદ જિલ્લામાં, હોમિયોપેથી વધુને વધુ લોકોપયોગી બને તેવા ઉમદા હેતુ સાથે 'ઈન્સ્ટીટ્યુટ ફોર ધ હિસ્ટરી ઓફ મેડીસીન ઓફ રોબર્ટ બોશ ફાઉન્ડેશન, સ્ટુટગર્ટ, જર્મની' અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના સહયોગથી સરાદર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ, વલ્લભ વિદ્યાનગર ખાતે તારીખ ૨૬-૮-૨૦૧૦ થી ૨૯-૮-૨૦૧૦ દરમિયાન 'હોમિયોપેથી-અ મેડીકલ એપ્રોચ એન્ડ ઈટ્સ હિસ્ટરી' એ વિષય પર પ્રદર્શન રાખવામાં આવેલ છે. આ પ્રદર્શન દરમ્યાન સવારે ૧૧:૦૦ કલાકથી સાંજના ૪:૦૦ કલાક સુધી ગુજરાત હોમિયોપેથીક સોસાયટી સંચાલિત શ્રી ડો. વી.એચ. દવે હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજના નિષ્ણાત તબીબો દ્વારા નિઃશુલ્ક નિદાન અને હોમિયોપેથીક સારવાર કેમ્પનું આયોજન પણ કરવામાં આવેલ છે. આણંદ જિલ્લાની જાહેર જનતા આ પ્રદર્શન નિહાળે અને હોમિયોપેથીક સારવાર દ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી અભ્યર્થના.

# Forthcoming Event

## Schedule of Orientation Programmes and Refresher Courses for the year 2010-11

Academic Staff College is going to conduct 4 Orientation Programmes, 13 Refresher Courses and 4 Short Term Courses for the Academic year 2010-11. The details regarding dates and courses are mentioned below.

| | | |
|---|---|---|
| | | **Orientation Programme (4 Weeks)** |
| 1. | 2-8-10 to 29-8-10 | 4th Orientation Programme |
| 2. | 6-12-10 to 9-1-11 | 5th Orientation Programme |
| | | **Refresher Courses (3 Weeks)** |
| 1. | 28-6-10 to 18-7-10 | Education & Physical Education |
| 2. | 2-08-10 to 22-8-10 | Chemistry |
| 3. | 6-9-10 to 26-9-10 | Library Sciences |
| 4. | 6-9-10 to 26-9-10 | Comparative Literature (ID) |
| 5. | 4-10-10 to 24-10-10 | Research Methodology in Humanities (ID) |
| 6. | 15-11-10 to 5-12-10 | ICT Application (MD) |
| 7. | 15-11-10 to 5-12-10 | Computer Science |
| 8. | 6-12-10 to 26-12-10 | Business Studies (MD) |
| 9. | 6-12-10 to 26-12-10 | Nano Sciences (MD) |
| 10. | 3-1-11 to 23-1-11 | Research Methodology in Basic & Natural Sciences (MD) |
| 11. | 7-2-11 to 27-2-11 | Women Studies (MD) |
| 12. | 7-2-11 to 27-2-11 | Mathematics and Statistics |
| 13. | 28-2-11 to 20-3-11 | Performing and Visual Arts (ID) |
| | | **Short Term Courses (3 Days)** |
| 1. | 24-6-10 to 26-6-10 | A Course on Minor Research Project |
| 2. | 21-7-10 to 23-7-10 | A Course for University Employees |
| 3. | 30-8-10 to 1-9-10 | Interactive Workshop for Ph.D. Students |
| 4. | 1-11-10 to 3-11-10 | A Course in Manuscriptology |

**Note :**

- For more information and application form, kindly visit our website www.spuvvn.edu/asc
- Last date of application for all courses will be 15 days before the commencement of the course.
- Application form must have;
  - Signature of your principal along with college stamp and college seal.
  - Recent Passport size Photograph
  - DD of Rs. 500/-, in favor of 'Director, Academic Staff College' payable at Vallabh Vidyanagar.
- Invitation will be sent to the eligible candidates before 7 days of commencement of the course.


## સૌને નિમંત્રણ

આપનું કોઈ પ્રિય પુસ્તક તો હશે જ.
આ પુસ્તક તમને કેમ પ્રિય છે ?

એમાં એવું તે શું છે જે તમને સ્પર્શી ગયું છે ?

એ પુસ્તકનો પરિચય આસ્વાદ કરાવવા
માટે શીલશ્રુતમ્ તમને નિમંત્રણ પાઠવે છે.

૩૦૦ શબ્દોની મર્યાદા અંગે લખી મોકલો...

આપના પ્રતિભાવને શીલશ્રુતમ પ્રગટ કરશે.
હા, જરૂરી લાગતા ફેરફાર કરીને...

તો ગમતાનો કરો ગુલાલ !

**: સંપર્ક :**
**પરમ પાઠક**
અનુસ્નાતક ગુજરાતી વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી

## યુનિવર્સિટી મ્યુઝિયમમાં યોજાનાર હોમિયોપેથીને લગતું જર્મનીથી આવનાર  પ્રગામી પ્રદર્શન

આપણી સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢની પહેલથી એક આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રગામી પ્રદર્શન **મ્યુઝિયમ ભવન** ખાતે ચાલુ મહિનાની ૨૬ થી ૨૯ તારીખો દરમ્યાન યોજાશે. આ પ્રદર્શન ખાસ જર્મનીથી અહીં આવી રહ્યું છે. આ પ્રદર્શનનો થીમ છે - **''હોમિયોપેથી : એક ચિકિત્સા પદ્ધતિ અને તેના અતીતની ભીતરમાં''**. આ પ્રદર્શન હોમિયોપથીનો સર્વાંગી પરિચય કરાવશે.

જર્મનીથી આ પ્રસંગે ખાસ પ્રખ્યાત તજ્જ્ઞ Dr Klaus Holzapfel આપણા યુનિવર્સિટી કેમ્પસ પર આવી રહ્યા છે. તેઓ ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે વ્યાખ્યાન આપશે. કેન્દ્ર સરકારના AYUSH વિભાગના ડૉ. ઈશ્વર દાસ પણ સમારંભમાં ઉપસ્થિત રહેશે.

આ પ્રદર્શન તા. ૨૬ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ બપોરે ૧-૩૦ થી ૪-૩૦ દરમિયાન તેમજ ૨૭ થી ૨૯ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ ૧૧-૦૦ થી ૪-૩૦ દરમિયાન નિહાળી શકાશે.

આ પ્રદર્શનની સાથે સાથે તા. ૨૭ થી ૨૯ ઓગસ્ટ ૨૦૧૦ દરમિયાન સવારે ૧૧-૦૦ થી ૪-૩૦ દરમિયાન હોમિયોપેથીની ચિકિત્સા પદ્ધતિનો નિઃશુલ્ક નિદાન કાર્યક્રમ (કૅમ્પ) પણ યોજાયો છે. એમાં આ ક્ષેત્રના અનુભવી તબીબો સેવા આપશે.

આ વિશિષ્ટ કાર્યક્રમનો સૌ વિદ્યાર્થી મિત્રો તથા વલ્લભ વિદ્યાનગર અને એની આસપાસના રસ ધરાવતા સૌ કોઈને લાભ લેવા નિમંત્રણ છે.

## 50th Inaugural Function of the SPUBS

The inaugural function of SPUBS was organized on 6th August 2010 to start the 50th year of **Sardar Patel University Biological Society** (SPUBS) by receiving blessings and good wishes from Dr. S. K. Nanda, Principal Secretary, Ministry of Environment and Forest (Chief Guest), Dr. Harish Padh, Vice-Chancellor, SPU and Dr. J. J. Shah, Former Professor and Head, Dept. of Biosciences, SPU (Guest of Honour). The programme commenced with a melodius prayer presented by the students of Masters degree and the guests were welcomed by offering sapplings of *Zamioculeas zamiifolia.* All the dignitaries and the senior members of SPUBS then performed the traditional lightening of the lamp. Prof. K. S. Rao, in his presidential address, welcomed and expressed his gratitude to the Chief Guest for gracing the function and also appraised the gathering of scholastic stature, vast experience and professional capacity of Dr. Harish Padh and Dr. J. J. Shah. A self introduction to SPUBS was delivered by the Women representative for the year Mrs. Sunitha Christopher, highlighting its activities and significance. All the dignitaries were then called upon for the release of the first issue of "Bioscience Express". Dr. Harish Padh (present Vice-Chancellor), Mr. Harshvardhan Chauhan (SSC State Topper) and Resheshbhai (Second Topper of State level CCC Examination) were felicitated to their achievements. The Chief Guest was then invited to express his views on the occasion. In his speech, he expressed his pleasure on the wonderful occasion and appreciated SPUBS and its activities over the past 50 years to bring the hidden talents of the students on its platform. He also exphasized on the teamwork practice which always yields good results. General Secretary for the year delivered the vote of thanks and invited the dignitaries for plantation followed by dinner.

## હોમિયોપેથી : એક પરિચય

રોગ વિજ્ઞાનનો ઈતિહાસ મનુષ્યના કૂતુહલ, બુદ્ધિમતા ઉપરાંત અજ્ઞાનથી ભરપૂર છે. અંધશ્રદ્ધાથી શરૂ થયેલું આ શાસ્ત્ર આજે અત્યંત વૈજ્ઞાનિક બની ચૂકેલું છે. આજની કહેવાતી આધુનિક તબીબી પદ્ધતીની પણ ઘણી મર્યાદા છે. આ મર્યાદાને દૂર કરવાના અને માનવીય સારવારની પદ્ધતિ શોધવા કટિબદ્ધ બનેલા અઢારમી સદીના ડૉ. સેમ્યુઅલ હનેમાને અનેક પ્રયોગ, ચિંતન અને સંશોધનને અંતે ‘સમચિકિત્સા’ એટલે કે હોમિયોપેથીના સિદ્ધાંતની શોધ કરી. આયુર્વેદમાં આ પદ્ધતિનો મૂળ સિદ્ધાંત ‘સમઃ સમં શમ્યતે’ના સૂત્ર દ્વારા વર્ણવેલ છે.

‘સ્વે તિષ્ઠતિ ઈતિ સ્વાસ્થ્યઃ’ - મનુષ્ય‘સ્વ’માં સ્થિર થાય તો જ સ્વસ્થ બને. આ જ કારણે હોમિયોપેથિક ચિકિત્સાનું ધ્યેય માત્ર સ્થાનિક દર્દને દૂર કરવાનું નહિ પરંતુ તેથી આગળ વધી મન અને શરીરની સર્વ રોગિષ્ટ ગ્રંથિ છેદી ભેદી એક સ્વસ્થ માનવીનું ઘડતર કરવાનું છે. આ માત્ર ચિકિત્સા વિજ્ઞાન નહિ પરંતુ જીવન જીવવાની એક કલા સુદ્ધાં છે.

બાહ્ય કે આંતરિક રોગકારક તત્ત્વો આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ ઉપર હુમલો કરે છે ત્યારે અ-સ્વસ્થ એટલે કે અસ્વસ્થતાના પગરણ મંડાય. આ હોમિયોપેથીની રોગની આત્યંતિક વ્યાખ્યા.

આપણું શરીર રડારની જેમ એક સંવેદનશીલ માધ્યમ છે. એ માધ્યમ દ્વારા રોગની બાહ્ય જાહેરાત અગાઉ પણ મનુષ્ય અસ્વસ્થતા અનુભવે છે. કંઈક થાક, આળસ, મંદતા, અણગમો, તાવ કે દુઃખાવો જેવા રોગ શરુ થતા પહેલાના સંકેતોથી આપણે સૌ વાકેફ છીએ. કેવળ રોગ નહિ, પરંતુ આહાર, વિહાર, નિંદ્રા વગેરે સમગ્ર બાબતોનો તાગ મેળવી નિશ્ચિત થયેલ ચિકિત્સાક્રમ જ હોમિયોપેથીક ચિકિત્સાનો અંતિમ અને સાચો ઉદ્દેશ છે.

હોમિયોપેથી વિષે પ્રવર્તતી અને ભ્રામક માન્યતાઓમાંની એક એ છે કે ચિકિત્સાની અસર ધીમી હોવાને કારણે તત્કાલીન અને ઉગ્ર રોગોમાં એ કારગત નીવડતી નથી. હકીકત આથી વેગળી છે. રોગીના લક્ષણો સ્પષ્ટ ઔષધિ ચીંધે ત્યારે ઉગ્ર રોગોના અંતિમ અને ગંભીર તબક્કામાં પણ અસર કરવાનું સામર્થ્ય આ વિજ્ઞાનમાં છે.

શરીર તો અખંડ એકમ છે. ભિન્ન ભિન્ન અવયવો અને કોષોને પીડતા અને રોગોને ખંડ-ખંડ નિદાનરુપે ભલે અલગઅલગ નામ આપો, પરંતુ સાચા અર્થમાં તો એ સર્વ એકમ એ રોગના બદલાતા સ્વરુપો છે અને એટલે જ હોમિયોપેથીમાં રોગને નહિ પરંતુ રોગીને પ્રાધાન્ય આપવામાં આવેલું છે.

હોમિયોપેથીક ચિકિત્સાથી આનુવંશિક રોગોના પ્રભાવને ઓછો કરી શકાય છે. હોમિયોપેથી માને છે કે મન-શરીરનો સંવાદી સંયોગ જ શરીરને નીરોગી અને કાર્યક્ષમ રાખે છે. આમ હોમિયોપેથીનું સમાજનું સ્વાસ્થ્ય જાળવવામાં પણ અલગ સ્થાન છે.

હોમિયોપેથી પ્રાથમિક ઉપચાર તરીકે, ઉગ્ર ચેપી રોગોમાં, રોગની સંભાવનાનો પ્રતિકાર કરવામાં, આનુવંશિક રોગોનો પ્રભાવ ઓછો કરવામાં, માનસિક રોગો, બાળરોગો, સ્ત્રીરોગો, વૃદ્ધત્વની વિષમતાઓમાં અચૂક ઔષધી તરીકે પુરવાર થયેલ છે.

હોમિયોપેથીક ઔષધીની માત્રા દર્દીની વય, દર્દીની પ્રકૃતિ, રોગની

અનુસંધાન પાન ૫ ઉપર...

## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**

Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.